R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 12 • PAGES : 24 • MUMBAI • DATE : 20TH APRIL 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

સવંત ૨૦૭૯ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૨૩



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫.
ફોન : ૨૩૪૨ ૨૩૫૧

## પ્રેમના પરિમલમૂર્તિને હાર્દિક શ્રધ્ધાંજલી...

જન્મ દિવસ
તા. ૨૧-૦૨-૧૯૪૯
સાંયરા-માટુંગા



અરીહંતશરણ
તા. ૦૮-૦૪-૨૦૨૩
ઉ.વ. ૭૪

## શેઠશ્રી નવીનચંદ્ર લીલાધર નરશી મોમાયા (મોટરવાલા)

**શેઠશ્રી નવીનચંદ્ર લીલાધર નરશી મોમાયા શોકગ્રસ્ત કુટુંબીજનો જોગ,**

શનીવાર, તા. ૦૮-૦૪-૨૦૨૩ના રોજ આપના પરિવારના મોભીશ્રી નવીનભાઈના ટુંકી માંદગીથી થયેલ અવસાનથી સૌ સાંયરાવાસીઓ અને સંલગ્ન સંસ્થાઓ માટે કાળજું કંપાવનારી બની રહી. આપ એમની શીતલછાયા ગુમાવી બેઠા અને અમે એક સ્નેહમૂર્તિનો વાત્સલ્યભર્યો સાથ-સંગાથ ગુમાવ્યો.

સન ૧૯૮૫ થી સન ૨૦૨૦ સુધી સળંગ ૩૫ વર્ષ શ્રી ક. દ. ઓ. સાંયરા જૈન મહાજનના ટ્રસ્ટી તરીકે અદ્વિતીય જવાબદારી સંભાળી હતી તેમજ સાંયરાની વિવિધ સંસ્થાઓ સાથે તેઓશ્રી સક્રીય રીતે સંકળાયેલ હતા.

એમના દેહોત્સર્ગથી આપના કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન અને સર્વે સાંયરાની સંલગ્ન સંસ્થાઓ હાર્દિક દિલસોજી વ્યકત કરે છે. તેઓશ્રી આપણી વચ્ચે સદેહે નથી છતાં પણ અપ્રત્યક્ષ રીતે આપણા સૌના સ્મૃતિપટ પર તે સદાસર્વદા છવાયેલા રહેશે. જે જન્મ્યું છે એમનું મૃત્યુ નિશ્ચિત છે એમ મનમાં ધારણ કરી એમની વિદાયનો શોક ન કરશો. જાનેવાલે કભી નહીં આતે, જાનેવાલેકી યાદ આતી હૈ એ ન્યાયે જ્યારે જનારની પાછળ એમની મનગમતી પ્રવૃતિઓ ચાલુ રાખીએ તો સદ્ગતની યાદો અમર બની જાય છે. એમણે દર્શાવેલા પથ પર ચાલવાનો પ્રયત્ન કરીએ અને ધ્યેયને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ એજ એમની ખરી શ્રદ્ધાંજલિ હશે. આપ કુટુંબીજનોને તો મોભી અને શિરછત્ર ગુમાવ્યાની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે એનું અમને અત્યંત દુ:ખ છે.

સદ્ગતશ્રીને ભાવભીની શ્રધ્ધાંજલિ આપી તેઓના પૂણ્યાત્માની પરમશાંતિ માટે, અને આપ સર્વ કુટુંબીજનોને આ દુ:ખ જીરવવાની શક્તિ મળે તે માટે પરમકૃપાળુ શ્રી અરિહંતદેવને પ્રાર્થના કરીએ છીએ.

**લિ. શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન**

શ્રી સાંયરા વિકાસ મંડળ
શ્રી સાંયરા ચેરીટ્રબલ ટ્રસ્ટ
શ્રી સાંયરા યુથ ફોરમ
શ્રી સાંયરા સહિયર

UPASANA-9820167767

# ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૪/૦૨/૧૯૩૬

અરિહંત શરણ :
તા. ૧૧/૦૪/૨૦૨૩

## માતુશ્રી તારાબાઈ શિવજી પોલડીયા

ગામ : બાયઠ, હાલે : મહાલક્ષ્મી, મુંબઈ

આપનો અપાર સ્નેહ, સુમેળભર્યુ વ્યવહાર, કૌટુંબિક ભાવના,
ધર્મ પ્રત્યેની અતુટ શ્રધ્ધા, ભક્તિની સુવાસ ક્યારેય ભુલાશે નહીં
એજ આપના હસતા, સેવાના તારણહાર ચેહરાને
અમો ક્યારેય વીસરી શકીએ તેમ નથી.

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી
પળભરમાં છેતરી ગયા અમને...
માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના
અભિષેક અર્પણ કરીએ છે.

-: શોકાતુર પરિવાર :-

**શા. નરસી લધાભાઈ પોલડીયા સહપરિવાર**
સીનીયર ટાયર ગ્રુપ (બાયઠ – મહાલક્ષ્મી, મુંબઈ)
પુત્ર : **રાજેશ શિવજી પોલડીયા** (ઑસ્ટ્રેલિયા)
પુત્રવધુ : **અ.સૌ. કવિતા રાજેશ પોલડીયા** (ઑસ્ટ્રેલિયા)
પૌત્રી : **ચિ. ધિરતી રાજેશ** - પૌત્ર : **મિથીલ રાજેશ**
દિકરીઓ : **અ.સૌ. મીનાબેન નરેશભાઈ નાગડા** (જખૌ – વાશી)
**સ્વ. અ.સૌ. કલ્પનાબેન ગોવિંદજી સોની** (સાંયરા – ધુલીયા)
**અ.સૌ. હિનાબેન ચંદ્રેશભાઈ ડાઘા** (વરાડીયા – વાશી)

પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

તંત્રી સ્થાનેથી

# જ્ઞાતિની સંસ્થાઓ અને મહાજનોનું ઓડિટ



**કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)**

આપણો પ્ર.સ.ના છેલ્લા કેટલાક અંકોમાં આપણા ટેલેંટેડ એટલે કે પોતાના ક્ષેત્રમાં ભારતભરમાં જ્ઞાતિને ગૌરવ અપાવી શકે. એવા કેટલાક જ્ઞાતિજનોનો પરિચય કરાવ્યો. એક જ્ઞાતિબંધુની ગણના દેશના 10 ટોપના આઈટી પ્રોફેશનલોમાં થાય છે. એક કદઓ ભાઇ વિશ્વની મોટામાં મોટી એન્જીનિયરીંગ કંપનીના ભારતના ફાઇનાન્સ એટલે કે નાણાંકીય વિભાગના વડા છે. એક કદઓ ભાઇ એક મોટી ભારતીય વિમાની કંપનીના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર છે. મોટી વૈદકીય સારવાર ને સામાજિક કાર્યો કરતી મોટી સંસ્થાઓ વર્ષોથી ચલાવનાર સંસ્થાઓ છે. બે થી ત્રણ કદઓ જ્ઞાતિ માટે દિલ્હી સરકાર સુધી વાત પહોંચાડી શકે એવી ઓળખાણ ધરાવે છે. કેટલાક જ્ઞાતિબંધુઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઝળક્યા છે.

હવે આપણે જ્ઞાતિની બીજી બાજુ જોઇએ તો આપણી જ્ઞાતિની બેંકથી માંડીને વિદ્યાર્થીગૃહ સુધીની 'ઇન હાઉસ' સવલતો છે. હવે વાત છે કે આ બધી સંસ્થાઓએ પોતાના મોટામાં મોટા પ્રોજેક્ટોમાં આપણા કદઓ જ્ઞાતિજનો જે વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાંત છે અને નિપુણતા ધરાવે છે એમનો લાભ અને માર્ગદર્શન લેવા જોઇએ કે નહીં? અને આ સંસ્થાઓ જ્ઞાતિના હિતમાં આ નિષ્ણાંતોને આવકારવા માંગે છે કે નહીં? કે પછી પોતાની વાતમાં હા માં હા મિલાવે એવા જ લોકો જે રાખશે?

જ્ઞાતિએ આવા નિષ્ણાંતોની એક કમિટી બનાવવાની જરૂર છે. આ કમિટીનું કામ જ્ઞાતિની મોટા ગજાની સંસ્થાઓ અને મહાજનોના કાર્યનું ઓડિટ કરવાનું રહેશે અને જરૂર પડે ત્યારે પોતાની સેવા આપવાની રહેશે. દેશની સરકાર પણ પોતાનો રિપોર્ટ કાર્ડ આપે છે અને તેના કાર્યો ઉપર કેગની તથા દેશના પત્રકારો અને વિરોધી પક્ષની નજર હોય છે. લોકો સરકારનો ઉઘડો લઇ નાખે છે. જરૂર પડ્યે નિષ્ણાંતોની સમિતી રચવામાં આવે છે. જે પોતાનો અહેવાલ રજૂ કરે છે. સરકારીની કામગીરી ઉપર જ મત મળે છે. અને જનતા નકામી સરકારોને રવાની કરે છે. અદાલતો સંસદે પાસ કરેલ ખોટો સુધારો અરે બંધારણીય સુધારો પણ રદ કરી નાખે છે.

પત્રકારો સરકારોના નાણાંકીય ભ્રષ્ટાચાર અને દેશને ઝાંખપ લગાડતા કાર્યોને જાનના જોખમે ઉઘાડા પાડે છે અને આ નિયમો ભારતની દરેક જ્ઞાતિની સંસ્થાઓ લાગુ પડે છે.

જો જ્ઞાતિના યુવાઓને અને જ્ઞાતિને આગળ લઇ જવી હશે તો દરેક મોટા મહાજનો અને સંસ્થાઓને પોતાના કાર્યનું સ્વેચ્છાએ આ નિષ્ણાંતો પાસે 'ઓડિટ' કરાવવું જોઇએ. જેથી કરીને જ્ઞાતિના પૈસા અને સમય બરબાદ ન થાય. કેટલીક રોકાણ યોજનાઓ યાદ આવે છે. દરેક મહાજન કેપીકે અને સંસ્થાઓએ જો જ્ઞાતિને એકત્ર રાખવી હશે તો આ પગલું ભરવું પડશે. મળતિયાવાદ બહુ કામ નહીં આવે.

### જ્ઞાનેશ જયચંદ લાપસીયાના પુસ્તકનું પ્રકાશન




જ્ઞાનેશ જયચંદ લાપસીયા લિખિત સંવેદના-૩ કવિતા અને લેખો પુસ્તક વાંચ્યુ અને માણ્યુ. 'જિંદગી' 'ઝાકળ' 'થપ્પો' 'વરસાદના ટીપાં' 'શૈશવના સ્મરણો' અને 'વહાલના વાવેતર' લેખ ખરેખર ખૂબજ વાંચવાલાયક છે. જ્ઞાનેશભાઈ કવિતાઓ અને લેખો લખવાનું ચાલુ રાખશે એ જ શુભેચ્છા.

### કેડીઓ ક્લાસિક

આપણી કેડીઓ ક્લાસિક સંસ્થા જે છેલ્લા પચ્ચીસ વર્ષથી મેડીકલ ચિકિત્સા અને હવે શિક્ષણ ક્ષેત્રે પણ કાર્યરત છે. એમણે એક નવો મહત્ત્વનો સામાજિક નિર્ણય લીધો છે. આ સંસ્થાએ ઈતર કોમમાં લગ્ન કરેલ આપણી નિયાણી બહેનોને એસોસિએટ સભ્ય બનાવવાનો નિર્ણય કરેલ છે. આ પગલું આવકાર્ય છે.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૨, તા. ૨૦-૦૪-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# સગપણને લાગેલ 'પણ' ની સમસ્યા

એડમંડ હિલેરીએ એવરેસ્ટ શિખરને સર કરેલ ત્યારે જે આનંદ એણે અનુભવ્યો હશે એના જેટલો અથવા એનાથી વધારે આનંદ આપણા આજના માવિત્રોને પોતાના સંતાનોના સગપણ કરે છે ત્યારે થાય છે. સમય બદલાઈ ગયો છે. ઘડીયાળના કાંટા પાછા ફેરવી નથી શકાતા.




મારા અનુભવ પ્રમાણે સગપણ કરવા / કરાવવામાં નડતી મુખ્ય સામાન્ય મુશ્કેલીઓ :

૧. વેવિશાળની સરેરાશ ઉંમર ૨૫ વર્ષથી ઉપર થઈ ગયેલ છે. વિચારોના ઘડુલા પાકા ઘડાઇ ગયા હોય છે.

૨. સહનશક્તિમાં અશક્તિ, બાંધછોડની વૃત્તિમાં અભાવ.

૩. ઘરમાં જુનવાણી અને રૂઢિચુસ્ત વાતાવરણ.

૪.મોટા શહેરોની દિકરીઓ અને એના માવિત્રોની પહેલેથી જ નાના શહેર અથવા ગામોમાં જવાની strict no entry ની વિચાર સરણી.

૫. કન્યાઓમાં વધુ ભણતર અને એમની વધારે આવક.

૬. કન્યાની માતાની જરૂરથી વધારે ખટપટ.

૭. માવિત્રોની અને સંતાનોની શરૂઆતમાં સર્વગુણ સંપન્ન પાત્રની અપેક્ષાઓ.

૮. રૂપ અને રંગ.

૯. લાંબા ગાળા સુધી ચાલતા સગપણ.

૧૦. કાચા કાન અને અપૂર્ણ ચકાસણી.

૧૧. સંતાનોનું કહેવાનું માનતા રહેવાનું કે હજી વાર છે. પછી.. પછી.. કરતા પછવાડું આવી જાય અને ઘણાં પક્ષીઓ ચણ ચણીને ઉડી જાય અને પછી જે મળ્યું એમાં રાજી થવું પડે યા ન પણ મળે.

૧૨. શરૂઆતમાં નાતમાં જ સગાઈ કરવાની ભાવના અને નિર્ણય.

૧૩. પૂરી માહિતી શરૂઆતમાં જણાવવી નહીં.

૧૪. સંતાનોની પસંદ એ માવિત્રોની નાપસંદ અથવા માવિત્રોની પસંદ એ સંતાનોની નાપસંદ, આ ખેંચતાણમાં જ ગાડું અટકી જાય છે.

૧૫. કુંડલી.

૧૬. સગપણ કરાવવાવાળા મધ્યસ્થ વ્યક્તિઓનું મોટે ભાગે વિલીન થવું.

૧૭. વર વધુ કુંવારા જ હોવા જોઈએ એવી ધારણા ઘણાનાં મનમાં બેસી ગયેલ છે.

૧૮. વિધવા કે લગ્ન વિચ્છેદ થયેલ કન્યાઓને 'ના' ના લિસ્ટમાં મુકી દેવી.

૧૯. મોટી ઉંમરના વિધુર/વિધવાઓને એકલતા જ ભોગવવાની પણ નવીન સાથીદાર ન બનાવવાની માનસિક ધારણા. સમાજ શું કહેશે?

૨૦. પોતાનું જીવન સુંદર અને સારી રીતે જીવવાનું કાર્ય પોતાના જ હાથમાં છે. નસીબ અથવા કર્મને દોષ આપી આપણે પોતાની જવાબદારીમાંથી છટકવાના વ્યર્થ પ્રયત્ન કરી દુઃખ ભોગવતા રહીએ છીએ.

આ વિષયે વ્યક્તિગત અને સામાજીક દ્રષ્ટિએ ખુબ જ ગંભીર સ્વરૂપ ધારણ કરેલ છે. આના વ્યવહારૂ ઉકેલના સુજાવો આવતા અંકમાં આવશે. તે દરમ્યાન જ્ઞાતિજનોને ખાસ વિનંતી છે કે તેઓ પોતાના વિચાર અને સુઝાવો મને આ નંબર પર વોટ્સએપ કરે. +91 98430 30877

**આલેખનઃ તિલકચંદ કે. એલ.(ચેન્નઈ)**

**વિચારો અને લેખન : કાંતિલાલ જી. વોરા અને કાર્યકર્તાઓ**


❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા

**શ્રી કે.ડી.ઓ. સમાજમાં ૪૫ વરસથી વખણાયેલ**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી-માટુંગા**

- સાચી જરીની જુની સાડીઓ ક સબની બોર્ડર
- સાચા-ઘરચોળા-ચણીયા ચોલી
- દહેરાસરજીના ચંદરવા-પોઠીયા
- સાચા અસલી જુના સેલા-પાનેતર
- સાચા ભાવે વેંચાતા લઈશું તરત જ કેશ પેમેન્ટ
- પારસી ભરતના તૈયાર ચણીયા ચોલી
- મશીન બટકસબના ચણીયા ચોલી-સાડીઓ
- પારસી ભરતના દુપટ્ટા અને સાડીઓ
- લખનૌ ભરતના કુરતા મટીરીયલ
- લખનૌ ભરતની સાડીઓ-દુપટ્ટા
- લખનૌ ભરતની કુર્તીઓ
- જૈન સિલ્કમાં બધા જ શેડ મળશે.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે, માટુંગા સે.રે. ટે.: ૨૪૦૨૫૦૭૦ ૮૬૫૨૨ ૩૯૫૩૭/૯૮૩૩૯૧૬૫૧૦**

**સોમવારે બંધ**

❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા ❖ મહાવીર–માટુંગા


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# જાહેરાતોથી ભરમાઈ આરોગ્ય બગાડશો નહિં



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

અમુક જાહેરાતો ગેરમાર્ગે દોરનારી હોય છે. પણ લોકો જાહેરાતથી આકર્ષાઈ એ વસ્તુ વાપરી પોતાના આરોગ્યને નુકશાન પહોંચાડે છે. ટી.વી., અખબાર કે મેગેઝીનમાં અમુક વસ્તુની જાહેરાતમાં તેના ગુણગાન ગાયા હોય છે પણ તેની અંદર વપરાયેલ કેમિકલ્સ પ્રીઝવેટીવ વગેરેથી આરોગ્યને નુકશાન થાય છે. તે જણાવતા નથી, ક્યારેક તો એ નુકશાન ઘાતક પણ હોય છે. ટૂથપેસ્ટ, સાબુ, તેલ, માઉથ વોશ, પરફ્યુમ, શેમ્પુ, કન્ડીશનર, એનર્જી ડ્રીન્કસ, સેનીટરી પૅડ, પ્રોટીન કે શક્તિના પાવડર, સનસ્ક્રીન લોશન, કોર્નફ્લેક્સ, ફળોના જામ, રિફાઈન્ડ તેલ વગેરે અનેક વસ્તુઓના ફાયદા, ગુણ વગેરે જાહેરાત દ્વારા બતાવી લોકોને એ વસ્તુઓ, ખાદ્યો વાપરવા લલચાવે છે.

ચાલો આપણે જાહેરાતોમાં આવતી કેટલીક વસ્તુઓ, ખાદ્ય પદાર્થો વિશે જોઈએ કે કઈ વસ્તુ આરોગ્યને શું નુકશાન કરે છે.

**૧) ટૂથપેસ્ટ :** મોટા ભાગના લોકો ટૂથપેસ્ટ જ વાપરે છે. આયુર્વેદિક કે હર્બલ ટૂથપેસ્ટ કે પાવડરમાં પણ તેને ટકાવવા પ્રીઝર્વેટીવ તો નાખેલા જ હોય છે. ટૂથપેસ્ટમાં નીચે જણાવેલ વસ્તુઓ હોય તો ચેતી જજો. (અ) સોડિયમ લૈરિક સલ્ફેટ–આ કેમિકલ જંતુનાશક છે, જે મોમાં બળતરા ઉત્પન્ન કરે જેને લીધે મોમાં છાલા પડી શકે, મોંની અંદરની ત્વચા દ્વારા શરીરમાં શોષાઈ શરીરના અવયવોને નુકશાન કરે.

(બ) ટાઈટેનિયમ ડાયોક્સાઈડ–આ કેમિકલ મોંની અંદરની ત્વચા વડે શોષાઈ કેન્સર ઉત્પન્ન કરી શકે તેમજ શરીરના અવયવોને ઝેરી અસર કરે.

(ક) ટ્રાયક્લોસાન – આ જંતુનાશક કેમિકલ છે જે પેસ્ટમાં એન્ટીફંગસ, એન્ટી બેક્ટેરીયલ તરીકે ઉમેરાય છે. જે શરીરના હોર્મોન્સને ખરાબ અસર કરે છે, રોગપ્રતિકારક શક્તિ ઘટાડે અને કેન્સરકારક છે.

(ડ) ફ્લોરાઈડ – આને લીધે ઉલ્ટી, ઉબકા, માથું દુઃખે. બાળકો પેસ્ટ મીઠો હોવાથી ગળી જાય છે, જો આ કેમિકલ ધરાવતી પેસ્ટ વધુ માત્રામાં ગળી જાય તો જુલાબ, શ્વાસમાં તકલીફ, હૃદયના ધબકારા ઘટવા કે હૃદયનું નુકશાન કરે.

(ઇ) પ્રોયોલીન ગ્લાયકોલ – આ કેમિકલ હોય તો તે મગજ અને મજ્જાતંતુ, લીવર અને હૃદયને નુકશાન કરે.

(ફ) કૃત્રિમ સ્વીટનર્સ જેવા કે સેકરીન – આનાથી બ્લડ કેન્સર, મગજના ટ્યુમર, લિમ્ફોમા (એક પ્રકારનું કેન્સર) થઈ શકે. જો એસ્પરટેમ સ્વીટર્ન વપરાયું હોય તો આંતરડાના સારા બેક્ટેરીયા પર અસર કરે. લોહીમાં સાકર વધારે કે વજન વધારે. આ સર્વ કેમિકલ્સથી હાય બી.પી., ફેટીલીવર ડીઝીઝ તેમજ હૃદયની ધમનીઓમાં બ્લોકેજ થઈ શકે.

ટૂથબ્રશથી દાંત ઘસવાથી દાંત ઉપરનું ઈનેમલ અને પેઢા ઘસાય છે. ટૂથબ્રશ ૨–૩ મહિને ન બદલીએ તો બ્રશમાં બેક્ટેરીયા અને ફંગસ જમા થઈ આપણું આરોગ્ય બગાડી શકે માટે દાતણ ઉત્તમ છે. પણ તે મેળવું મુશ્કેલ હોય તો સિંધવ નમક અને ફુલાવેલી ફટકડીના પાવડરને મિક્સ કરી બનાવેલ પાવડર લઈ આંગળીથી દાંત ઘસવા. તેને પેસ્ટ જેવું બનાવવા આ પાવડરમાં રાઈનું તેલ મેળવી શકાય. આ રીતે દાંત ઘસવાથી કેમિકલ, પ્રીઝર્વેટીવની આડઅસરથી બચી જવાશે.

**(૨) સાબુ :** સાબુમાં સુગંધ લાવવા અને આકર્ષક રંગ માટે કેમિકલ વાપરવામાં આવે છે જે આરોગ્ય માટે હાનિકારક છે. જે સાબુમાં ટ્રાયક્લોસાન અને ટ્રાયક્લો કાર્બન નામના કેમિકલ હોય તે પાણીમાંના ક્લોરિન સાથે ભળી ડાયોક્સીન ઉત્પન્ન કરે છે. જે ચામડી દ્વારા શરીરમાં શોષાઈ કેન્સર, મજ્જાતંતુની બિમારી આપી શકે. પ્રતિકારક શક્તિ ઘટાડે, થાયરોઈડ અને બીજા હોર્મોન્સની તકલીફો કરે. પ્રજનનતંત્ર પર અસર કરે. સાબુને બદલે ચણાનો લોટ, થોડુ દૂધ, હળદરનું મિશ્રણ બનાવી તેનાથી સ્નાન કરવાથી ત્વચા સાફ થશે. ક્રાંતિમય, મુલાયમ અને કરચલીરહિત થશે અને કેમિકલની આડ અસરથી બચી જવાશે.

**(૩) શેમ્પુ, કંડીશનર :** આમાં રહેલ સોડિયમ લોરિલ સલ્ફેટ કે લોરેથસલ્ફેટ વાળને સુકા બનાવે છે, વાળના છેડા બે ભાગમાં તૂટે, જ્યાંથી વાળ ઉગે તે ફોલિકલને નુકશાન કરે અને તેથી વાળ જલ્દી ખરે. વાળ સફેદ થાય. આ કેમિકલ રોગપ્રતિકારક શક્તિ ઘટાડે, આંખની બળતરા થાય, શ્વસનતંત્રની તકલીફ થાય. આ બન્ને કેમિકલ ખૂબજ ઝેરી છે. શેમ્પુને બદલે અરીઠા, સીકાકાઈનો ઉપયોગ કરવાથી વાળ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

સરસ સાફ થશે, મુલાયમ રહેશે. ખરવાની તકલીફ મટશે, જલ્દી સફેદ નહીં થાય અને કેમિકલના દુષ્પરિણામથી બચી જવાશે. શેમ્પુમાં સુગંધ માટે વપરાતા પોલીસોરબેટથી એલર્જી અને ત્વચાનું કેન્સર થઈ શકે. ટ્રાયક્લોશાન, સીલીકોન્સ, પેરાલેન્સ જો વપરાયુ હોય તો તે વાળમાં રહેલ કુદરતી તેલને દૂર કરે અને તે કેન્સરકારક છે. ફ્લોલેટ્સ નામનું કેમિકલ્સ પણ કેન્સરકારક છે, પ્રજનનતંત્રને નુકશાન કરે અને હોર્મોન્સ પર ખરાબ અસર કરે.

૪) **બિસ્કીટ :** સસ્તા, સરળ રીતે મળી શકે, ક્યારેય અને ક્યાંય ખાઈ શકાય, તેમજ કુરકુરા, સ્વાદિષ્ટ મીઠા અને અલગ અલગ ટેસ્ટ અને ફ્લેવર્સને લીધે આબાલવૃદ્ધ સૌને પ્રિય છે. બિસ્કીટનો મુખ્ય ઘટક ૮૦% મેંદો છે જે આરોગ્ય માટે ખૂબજ નુકશાનકારક છે. મેંદામાં ફાયબર બિલ્કુલ હોતા નથી. ઘઉંમાના સારા સત્વોનો બિલ્કુલ નાશ થયો હોય છે. મેંદો બનાવવાની પ્રક્રિયા વખતે તેમાં કેમિકલ ઉમેરાય છે. ફાયબર બિલ્કુલ ન હોવાથી બિસ્કીટ જલ્દી પચતા નથી. ગેસ, ડાયાબીટીઝ, હાડકાની કમજોરી, સંધિવાત અને જલ્દી ફ્રેક્ચર થઈ શકે. માટે જ આરોગ્ય જાળવવા બિસ્કીટ બને તેટલા ટાળો. (ક્રમશઃ)

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**જુની સાચી જરી બજાર કરતાં વધારે ભાવથી વેચવા માટે K.D.O. સમાજને મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે)નું ભાવભર્યું આમંત્રણ**

- જુની સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, બ્લાઉઝ
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર તથા સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટી સાચી જરીની ટીકી, સુરમો, કસબ તથા ઘુઘરી
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.
- રોકડા પૈસા, તરત જ ફાઈનલ, ડાયરેક્ટ કારીગરને વેંચી રેણકસર કાપ્યા વગર વધારે ફાયદો મેળવો.
- ઘરબેઠા તમારી જુની સાચી જરીના માલની રોકડી કરો
- **Free Home Visit any where any time**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, દુકાન નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

M. : 96195 54801 / 91371 46272 (SUNDAY CLOSED)

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖



# તત્વ હિલિંગ સેન્ટર

**એક્યુપંક્ચર, ઈલેક્ટ્રો-હોમિયોપેથી અને બેચ ફ્લાવર**

**વર્ષોનો અનુભવ, અત્યાધુનિક ટેક્નોલોજી અને યુનિક ટેકનિકથી ઇલાજ કરાવો...**

**લગભગ બધાજ રોગો અને દુઃખાવા ના ઈલાજ શક્ય છે. જેવા કે....**
**પેરાલિસિસ, કમર/ગરદનના દુઃખાવા, ગોઠણ ના દુઃખાવા, સીયાઈટિકા, પાર્કિંનસન, સાઈનસ, માઈગ્રેન, પાઈલ્સ, પેટના પ્રોબ્લમ, ડાયાબિટિઝ, સ્કીન પ્રોબ્લમ, હાર્ટ પ્રોબ્લમ, એસીડિટી, કિડની પ્રોબ્લમ, બી.પી., ફિમેલ પ્રોબ્લમ, પીસીઓડી.**

EH મેડિસનથી ઘરે બેઠા દુઃખાવા અને હઠિલા રોગાનું નિદાન શક્ય છે.







**RAP, BFP અને EHP શિલ્પા હિતેન સોની** (ગામ વાંકુ)
મોબાઈલ : **99305 58593**
સમય : સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ અને સાંજના ૫.૦૦ થી ૭.૦૦ (રવિવાર રજા, ફક્ત એપોઈન્ટમેન્ટ દ્વારા)
**રજીસ્ટર્ડ એક્યુપંકચરિસ્ટ અને મેડિસિન પ્રેકટિસનર**

**KDO માટે KDO દ્વારા સંચાલિત**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૪-૨૦૨૩

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**
**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**





**આડી ચાવીઓ :**

૧) પારણામાંજ અગિયાર અંગના જ્ઞાતા થયા (૪)
૨) ભાડવાના ડુંગરનું ખરૂં નામ (૬)
૫) .... એ સહુને ગમે (૨)
૬) રાજસ્થાનનું પાર્શ્વનાથનું તીર્થ (૪)
૮) મોક્ષદંડ એ એક ...નું નામ છે (૨)
૯) મુંબઈના આ પરા પાસે અગાસી તીર્થ આવેલ છે (૩)
૧૦) .... પ્રમાણે ગ્રહ પૂજાય (૨)
૧૧) કલોલ પાસે આવેલ આદીનાથનું તીર્થ (૩)
૧૩) આ સજ્ઝાય રાઈ પ્રતિક્રમણમાં આવે (૫)
૧૪) .... માં પર્યુષણ કરવા જવાની મજા ઔર જ હોય (૩)
૧૬) એક અભક્ષ્ય (૨)
૧૭) મહાવીર સ્વામી એ .... ના છેલ્લા તિર્થંકર થયા (૫)
૧૯) શાંતિનાથ એ .... હતા (૪)
૨૧) દેવકીના કેટલા પુત્રોની દેરી શત્રુંજય ઉપર છે. (૧)
૨૨) સુવિધિનાથના નામો કેટલા? (૧)
૨૪) કર્ણાટકનું ચંદ્રપ્રભુનું જીનાલય વાળું ગામ (૩)
૨૫) સમોવસરણનું પ્રથમ ગઢ શેનું હોય (૩)
૨૮) લેશ્યા કેટલી ? (૧)
૨૯) જયવીરા સૂત્રમાં .... માત્રાણીઓ છે (૨)

**ઊભી ચાવીઓ :**

૧) અહીં એક સાથે પાંચસો આચાર્યોએ ભેગા થઈ ચાતુર્માસ કરેલ (૫)
૨) આ પહાડ ઉપર કોઈ ભૂલા પડે તો શ્વાન એના માર્ગદર્શક બને છે. (૭)
૩) આ સાત પ્રકારના હોય (૨)
૪) શત્રુંજયને આ નામથી પણ સંબોધાય (૪)
૭) ૮મું પાપ સ્થાનક (૨)
૯) વિમલમંત્રી એ બનાવેલ આબુનું જીનાલય (૬)
૧૨) ૭મું પાપ સ્થાનક (૨)
૧૩) સમડી વિહાર તીર્થ એ ...... નું બીજું નામ (૩)
૧૫) ધાર્મિક ક્રિયામાં ..... ની શુદ્ધિ જરૂરી (૨)
૧૮) મહાવીર સ્વામીનો પ્રથમ ભવ (૪)
૨૦) તેજપાલના ભાઈ (૪)
૨૩) ... નો દિવસ એ ભોમિયાજીનો પ્રતિષ્ઠાનો દિવસ છે. (૨)
૨૬) એક અષ્ટપ્રકારી પૂજા (૨)
૨૭) શાંતિનાથ ભગવાને કોઈ પણ ભવમાં કોઈની પણ સાથે .... બાંધ્યું ન હતું. (૨)

---

**ધર્મસંદેશ - ૫.૦૪.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) કલ્પવૃક્ષ (૩) નરપતિ (૬) ઈશ્વર (૮) લવણ (૯) ગીત (૧૧) રથ (૧૨) દાદા (૧૩) અનામિકા (૧૬) રામજી (૧૮) તરપણી (૨૦) રાજીમતિ (૨૧) દેવ (૨૨) મૂની (૨૩) વામા માતા (૨૪) પાબળ (૨૬) વાવ (૨૭) ચંદ્ર (૨૮) અમીઝરા (૨૯) માન. **ઊભી ચાવીઓ:** (૧) કદમગીરી (૨) વૃષભ (૩) નમીશ્વર (૪) તિથલ (૫) નિર્વાણ (૭) રથ (૧૦) નંદારાણી (૧૩) અમમ (૧૪) કાવી (૧૫) બાર (૧૭) જીરાવલ્લા (૧૮) તલવાર (૧૯) પરમાધામી (૨૨) મૂળચંદ (૨૪) પાવન (૨૫) વીરા (૨૬) વામા.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**



।। શ્રી અજિતનાથાય નમઃ ।।

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

## દેરાસર સર્વ સાધારણ નિભાવ ફંડની નામાવલી દરેકના રૂા. ૩,૦૦૦/-

### તા. ૧/૪/૨૦૨૩ થી તા. ૩૧/૩/૨૦૨૪ (વર્ષ ૨૦૨૩–૨૦૨૪)

૧) મા. સોનબાઈ જેઠાલાલ રાયશી લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૨) અ.સૌ. રશ્મિબેન પ્રવિણ જેઠાલાલ લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૩) અ.સૌ. બિજલ અમિત પ્રવિણ લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૪) મા. સોનબાઈ દામજી લખમશી માલદે - ઘાટકોપર (દલતુંગી)
૫) સ્વ. શ્રી મુલચંદ દામજી લખમશી માલદે - ઘાટકોપર (દલતુંગી)
૬) સ્વ. શ્રી દામજી લખમશી માલદે - ઘાટકોપર (દલતુંગી)
૭) મા. વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૮) સ્વ. શ્રી સમીર કિશોર ભાણજી લોડાયા - જામનગર (દલતુંગી)
૯) અ.સૌ. માનસી કુણાલ નાગડા - થાણા (પરજાવ)
૧૦) શ્રી રમેશ ત્રીકમજી શાહ - સાંગલી (દલતુંગી)
૧૧) શ્રી પુનશી ધરમશી ખોના - દાદર (દલતુંગી)
૧૨) શ્રી ગંગાબેન પુનશી ધરમશી ખોના - દાદર (દલતુંગી)
૧૩) શ્રી મહેન્દ્ર પુનશી ખોના - દાદર (દલતુંગી)
૧૪) શ્રી ભુપેન્દ્ર પુનશી ખોના - દાદર (દલતુંગી)
૧૫) મા. સુશિલાબેન અરવિંદ ધરમશી - મુલુન્ડ (દલતુંગી)
૧૬) મા. મણિબાઈ ગોવિંદજી લાપસીયા - (દલતુંગી)
૧૭) સ્વ. અશ્વિન ભાણજી લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
હ. સુમનબેન અશ્વિન લોડાયા
૧૮) સ્વ. હિરાચંદ ભાણજી લોડાયા - ભિલવાડા (રાજસ્થાન)
હ. સુમનબેન અશ્વિન લોડાયા
૧૯) મા. વિજયાબેન કેશવજી ખીમજી ડાધા - (દલતુંગી)
હ. શ્રી ભાઈચંદ કેશવજી ડાધા
૨૦) મા. ચંપાબેન હસમુખ કેશવજી માલદે - મુલુન્ડ (દલતુંગી)
હ. અ.સૌ. પ્રિતિ જીગર માલદે
૨૧) મા. રતનબેન શામજી નાયાભાઈ માલદે - (દલતુંગી)
૨૨) મા. નિર્મળાબેન ડુંગરશી શામજી માલદે - (દલતુંગી)
૨૩) મા. મણિબેન હીરજી નાયાભાઈ માલદે - (દલતુંગી)
હ. અ.સૌ. હર્ષા પંકજ માલદે
૨૪) શ્રી રાયચંદ કરમશી લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
૨૫) મા. સોનબાઈ રાયચંદ લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
૨૬) શ્રી નરશી ભાણજી લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૨૭) મા. જયાબેન નરશી ભાણજી લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૨૮) મા. સરલાબેન માણેકજી ત્રીકમજી ડાધા - (દલતુંગી)
૨૯) મા. જેતબાઈ હીરજી વેલજી લોડાયા - (દલતુંગી)
૩૦) મા. લાખબાઈ લિલાધર લાપસીયા - નાંદેડ (દલતુંગી)
૩૧) મા. દમયંતિબેન રમેશચંદ્ર ડુંગરશી ડાધા - લાતુર (દલતુંગી)
૩૨) મા. લીલબાઈ લાલજી કેશવજી લોડાયા - (દલતુંગી)
૩૩) મા. ગુણવંતિબેન ડુંગરશી ધરમશી ડાધા - સીરસી (દલતુંગી)
૩૪) મા. લક્ષ્મીબેન કાંતિલાલ ધારશી શિયાલ - વિરાર (દલતુંગી)
હ. હર્ષ સુમન્તકુમાર શાહ
૩૫) મા. પુષ્પાબેન રજનીકાન્ત માલદે - થાણા (દલતુંગી)
૩૬) મા. વિમલા મહેશ વિશનજી લોડાયા - કાંજુરમાર્ગ (દલતુંગી)
૩૭) મા. રાજબાઈ ડુંગરશી ધારશી શિયાલ - સાંતાક્રુઝ (દલતુંગી)
૩૮) કુ. આહના રિષભ ભરત ડુંગરશી શિયાલ - સાંતાક્રુઝ (દલતુંગી)
૩૯) મા. અરૂણાબેન દિનેશ બાબુલાલ લાપસીયા - ઘાટકોપર (દલતુંગી)
૪૦) મા. હિરબાઈ ડાયાલાલ લખમશી માલદે - (દલતુંગી)
હ. અ.સૌ. ચેતના ઉત્તમ માલદે
૪૧) મા. વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાધા - ગોરેગાંવ (દલતુંગી)
૪૨) સોનબાઈ ત્રીકમજી ડાધા - ગોરેગાંવ (દલતુંગી)
૪૩) અ.સૌ. ઉર્જા વિકાસ લુઠીયા - USA
૪૪) મા. પુષ્પાબેન સોમચંદ પુનશી ઘુલ્લા - (દલતુંગી)
૪૫) મા. સુશિલાબેન બાબુલાલ રાયસી લાપસીયા - (દલતુંગી)
હ. અ.સૌ. ઉષાબેન અશોક લાપસીયા
૪૬) મા. સોનબાઈ શામજી પેથરાજ શિયાલ - (દલતુંગી)
૪૭) સ્વ. શ્રી કિરીટ શામજી પેથરાજ શિયાલ - (દલતુંગી)
૪૮) મા. ખમાવંતી રતિલાલ શિયાલ - ડોંબિવલી (દલતુંગી)
૪૯) મા. બાયાબાઈ ચાંપશી પેથરાજ શિયાલ - ભાંડુપ (દલતુંગી)
૫૦) શ્રી પ્રફુલ ચાંપશી પેથરાજ શિયાલ - ભાંડુપ (દલતુંગી)
૫૧) શ્રી નરેશ ચાંપશી પેથરાજ શિયાલ - ભાંડુપ (દલતુંગી)
૫૨) મા. શાંતાબેન શામજી ગાંગજી લાપસીયા - પુર્ણા (દલતુંગી)
૫૩) ચિ. જીયારા અક્ષતા પ્રીતેશ લાપસીયા - (દલતુંગી)
હ. ચિ. સનય પ્રીતેશ લાપસીયા
૫૪) મા. રતનબેન લખમશી ગાંગજી લાપસીયા - (દલતુંગી)
હ. અ.સૌ. વિણા ગુલાબ લખમશી લાપસીયા
૫૫) મા. નવલબેન જેતશી મેઘજી શિયાલ - (દલતુંગી)
૫૬) મા. પ્રેમિલાબેન જયંતિલાલ ધનજી શિયાલ - (દલતુંગી)
૫૭) મા. જયવંતિબેન માણેકજી લધાભાઈ શિયાલ - (દલતુંગી)
૫૮) મા. વિરબાઈ મણશી વિરપાર ડાધા - ડોંબિવલી (દલતુંગી)
૫૯) મા. ધનલક્ષ્મીબેન પાસુભાઈ દેવજી લાપસીયા - (દલતુંગી)
૬૦) મા. નિર્મળાબેન ટોકરશી મેઘજી શિયાલ - રાજકોટ (દલતુંગી)
૬૧) મા. ઈન્દુમતિ પાશ્વીર ત્રીકમજી ડાધા - (દલતુંગી)
૬૨) મા. વિજયાબેન હીંમતલાલ શિયાલ - (દલતુંગી)
હ. અ.સૌ. વિધિ સંકેત શિયાલ
૬૩) મા. રાજબાઈ શામજી વાલજી લાપસીયા - (દલતુંગી)
હ. રોહન હિરેન શિયાલ
૬૪) મા. ચંપાબેન ચંદુલાલ લાલજી માલદે - (દલતુંગી)
હ. અ.સૌ. પુષ્પાબેન રમેશ લોડાયા - જામનગર (દલતુંગી)
૬૫) મા. વિમલાબેન રાયચંદ શિયાલ - બોરીવલી (દલતુંગી)
૬૬) મા. નવલબેન હંસરાજ શામજી લાપસીયા-સાંતાક્રુઝ-પુના (દલતુંગી)
હ. શ્રી હર્ષ વિજય લાપસીયા
૬૭) શ્રી શાંતિલાલ કેશવજી ડાધા - (દલતુંગી)
૬૮) મા. પુરબાઈ લખમશી લોડાયા - (દલતુંગી)
૬૯) શ્રીમતી ચંદ્રીકા રાજેન્દ્ર લોડાયા - નાની ખાવડી (દલતુંગી)
હ. ખુશાંત સચિ રીતેષ લોડાયા
૭૦) નગરશેઠ શ્રી જયંતિલાલ કેશવજી નાયાભાઈ માલદે - (દલતુંગી)
હ. મા. રંજનબેન જયંતિલાલ કેશવજી માલદે
૭૧) મા. શાંતાબેન શાંતિલાલ શિયાલ - ડોંબિવલી (દલતુંગી)
૭૨) મા. પ્રેમિલાબેન ભાણજી લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
૭૩) શ્રી લક્ષ્મીચંદ શામજી ધારશી લાપસીયા - નાંદેડ (દલતુંગી)
હ. શ્રી હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા - નાંદેડ (દલતુંગી)
૭૪) મા. સરલાબેન લક્ષ્મીચંદ લાપસીયા - નાંદેડ (દલતુંગી)
હ. શ્રી હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા
૭૫) મા. લક્ષ્મીબેન પ્રેમચંદ ત્રીકમજી લાપસીયા - ભાંડુપ (દલતુંગી)
૭૬) મા. ધનલક્ષ્મીબેન હિરાચંદ રાયશી લાપસીયા - ગોરેગાંવ (દલતુંગી)
હ. અ.સૌ. નિતા જતીન લાપસીયા
૭૭) શ્રી નવિન વર્ધમાન જેઠાભાઈ માલદે - લાતુર (દલતુંગી)
૭૮) મા. રાજબાઈ કુંવરજી ખીમજી ડાધા - (દલતુંગી)
૭૯) મા. જશવંતિબેન સુરેશ લખમશી લોડાયા (દલતુંગી)
હ. અ.સૌ. અપર્ણા અમીત લોડાયા
૮૦) મા. કાન્તાબેન કરમશી ડાધા - ઔરંગાબાદ (દલતુંગી)
૮૧) મા. ધનબાઈ વેરશી શિયાલ - (દલતુંગી)
હ. અ.સૌ. નયનાબેન શરદ શિયાલ
૮૨) મા. પ્રેમાબેન ભવાનજી લધાભાઈ લોડાયા - (દલતુંગી)
૮૩) મા. લીલાવંતીબેન વેલજી પદમશી લાપસીયા - ડોંબિવલી (દલતુંગી)
હ. અ.સૌ. જયોતિ પરેશ લાપસીયા
૮૪) મા. રંજનબેન કુલીનકાન્ત ગોવિંદજી નાગડા - મુલુન્ડ (સાંધાણ)
૮૫) શ્રીમતી પ્રેમિલાબેન નવિનચંદ્ર ખીમજી નાગડા - મુલુન્ડ (તેરા)
૮૬) મા. જયાબેન પુનશી લખમશી માલદે - મુલુન્ડ (દલતુંગી)
૮૭) મા. કાન્તાબેન વેરશી દેવશી લોડાયા - મુલુન્ડ (દલતુંગી)
હ. અ.સૌ. રીટા હિતેશ વેરશી લોડાયા
૮૮) મા. દમયંતિબેન જેઠાલાલ મણશી ડાધા - (દલતુંગી)
૮૯) શ્રી ભાણજી ત્રીકમજી ડાધા - ડોંબિવલી (દલતુંગી)
૯૦) અ.સૌ. વિમલાબેન ઝવેરચંદ ભાણજી ડાધા - મુલુન્ડ (દલતુંગી)
૯૧) અ.સૌ. ભારતીબેન નવિન ધનજી લોડાયા - મસ્જીદબંદર (દલતુંગી)
૯૨) મા. પુષ્પાબેન રમેશચંદ્ર લાપસીયા - બેંગલોર (દલતુંગી)
૯૩) મા. લક્ષ્મીબેન લાલજી માલદે - ડોંબિવલી (દલતુંગી)
૯૪) મા. તારાબેન વિરજી વિરપાર ડાધા - ડોંબિવલી (દલતુંગી)
હ. શ્રી ગિરીશ વિરજી ડાધા
૯૫) મા. પુષ્પાબેન વિનોદ ભવાનજી લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
૯૬) મા. સરલાબેન પ્રવિણચંદ્ર ભવાનજી લોડાયા - ડોંબિવલી (દલતુંગી)
૯૭) મા. ધનલક્ષ્મી વિશનજી ગાંગજી લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૯૮) શ્રી નરેન્દ્ર કુંવરજી શીવજી દંડ (શાહ) ઠકુર્લી (દલતુંગી)
૯૯) મા. લાખબાઈ મેઘજી નાયાભાઈ માલદે - (દલતુંગી)
૧૦૦) મા. સુશિલાબેન રસિકલાલ દામજી માલદે - ઘાટકોપર (દલતુંગી)
૧૦૧) મા. સરલાબેન જયચંદ લાપસીયા - મુલુન્ડ (દલતુંગી)
૧૦૨) મા. ગંગાબાઇ પોપટલાલ મુરજી શિયાલ - (દલતુંગી)
હ. શ્રીમતી લિલાવંતીબેન કાંતિલાલ શિયાલ
૧૦૩) મા. કંચનબેન વિરજી શિયાલ - (દલતુંગી)
હ. રિતેષ, ચિરાગ, વિવેક
૧૦૪) મા. ગોમાબાઈ ઠાકરશી કચરાભાઈ લાપસીયા - ધાટણજી-યવતમાલ (મહારાષ્ટ્ર)
હ. શ્રી કિરણ હંશરાજ શામજી કચરાભાઈ લાપસીયા - સાંતાક્રુઝ (દલતુંગી)
૧૦૫) મા. સ્વ. મંજુલાબેન લાલજી દેવજી લાપસીયા - ધાટણજી (દલતુંગી)
૧૦૬) શ્રી ચંદુલાલ પદમશી લાપસીયા - હૈદ્રાબાદ (દલતુંગી)
૧૦૭) મા. મનોરમાબેન અશોક કેશવજી માલદે - ડોંબિવલી (દલતુંગી)
૧૦૮) મા. મંજુલાબેન રતિલાલ રૂપશી શિયાલ - (દલતુંગી)
૧૦૯) મા. દેવકાબેન ભાણજી લોડાયા - વડાલા (દલતુંગી)
૧૧૦) મા. સોનબાઈ રાયચંદ ખોના - ગોરખડી (દલતુંગી)
૧૧૧) મા. શાંતાબેન રતનશી શામજી લાપસીયા - જોધપુર (દલતુંગી)
હ. અ.સૌ. અનિતા જીતેન લાપસીયા
૧૧૨) અ.સૌ. રેણુબેન ઝવેરચંદ રતનશી લાપસીયા - જોધપુર (દલતુંગી)
હ. અ.સૌ. નિલમ વિનીત લાપસીયા
૧૧૩) સ્વ. શ્રી વનરાજ ભવાનજી લાપસીયા - (દલતુંગી)
૧૧૪) મા. લક્ષ્મીબેન ચાંપશી માણેકજી ધુલ્લા - ફોર્ટ (દલતુંગી)
૧૧૫) મા. લક્ષ્મીબેન હિરજી લખમશી માલદે - મુલુન્ડ (દલતુંગી)
૧૧૬) મા. નિર્મલાબેન વિશનજી હીરજી દંડ - મુંબઈ (દલતુંગી)
હ. શ્રી પ્રવિણ વિશનજી હીરજી દંડ - (USA)
૧૧૭) મા. લક્ષ્મીબાઇ મણીલાલ લખમશી માલદે - મુલુન્ડ (દલતુંગી)
હ. મિલી, મિતા મહેંદ્ર માલદે
૧૧૮) મા. લક્ષ્મીબેન હિરાચંદ લોડાયા - ઘાટકોપર (દલતુંગી)
૧૧૯) મા. ગુણવંતીબેન હિરજી શામજી લાપસીયા - ઉદયપુર (દલતુંગી)
હ. અ.સૌ. સાધના નિતીન લાપસીયા
૧૨૦) મા. જેતબાઈ જેતશી ઘુલ્લા - હૈદ્રાબાદ (દલતુંગી)
૧૨૧) સ્વ. શ્રી કાંતીલાલ જેતશી ઘુલ્લા - હૈદ્રાબાદ (દલતુંગી)
૧૨૨) મા. સુશિલાબેન દેવચંદ લાપસીયા - હૈદ્રાબાદ (દલતુંગી)
૧૨૩) શ્રી પ્રથમેશ પદમશી લાપસીયા - બેંગલોર (દલતુંગી)
૧૨૪) મા. ચંદ્રાબેન હરીશ નવિનચંદ્ર લાપસીયા - હૈદ્રાબાદ (દલતુંગી)
૧૨૫) શ્રી કાંતીલાલ લઘુભાઈ ધરમશી - જામનગર (ગોરખડી)
૧૨૬) શ્રીમતી રેખાબેન મહેન્દ્ર લોડાયા - ડોંબિવલી (મોટી ખાવડી)
૧૨૭) મા. દમયંતીબેન માણેકજી ડાધા - (દલતુંગી)
૧૨૮) અ.સૌ. ગીતાબેન રમેશચંદ્ર રાણા
હ. અ.સૌ. નેહલ વત્સલ રાણા - Billimora (USA)
૧૨૯) મા. માકબાઈ રાયચંદ ખીમજી ડાધા - ડોંબિવલી (દલતુંગી)
૧૩૦) શ્રીમતી જ્યોતિબેન કિર્તિ દંડ - ગોરેગાવ (સેવક ભરૂડીયા)
૧૩૧) શ્રી સુભાષભાઈ જેતશીભાઈ માલદે - ભાયંદર (દલતુંગી)
૧૩૨) મા. નેમલતાબેન સોમચંદ લોડાયા - ભાવનગર (દલતુંગી)
૧૩૩) મા. નિર્મલાબેન ચાંપશી પદમશી લાપસીયા - ડોંબિવલી (દલતુંગી)

**To arrange NEFT Bank Details as under :**

Account / Beneficiary Name :
SHRI AJITNATH MAHARAJ JAIN DERASAR TRUST
Bank Name : Central Bank of India, Main Branch Jamnagar,
Account No.: 3269741623, IFSC Code : CBIN0280580

**સર્વ દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના.....**

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## 'સ્પૂન ઓફ લવ ધુલ્લાઝ' ને ટાઈમ્સ એવોર્ડ

કોવિડ-૧૯ પેન્ડેમિક બાદ શરૂ થયેલા ફૂડ બિઝનેસમાં નોંધપાત્ર દેખાવને અનુલક્ષી જ્ઞાતિના કેટરીંગ બિઝનેસમાં પ્રવૃત્ત વિશાલ અને પ્રતાપભાઈ ધુલ્લાને ટાઈમ્સ ફૂડ એન્ડ નાઈટ લાઈફ એવોર્ડ-૨૦૨૩ ઍવોર્ડ પ્રસિદ્ધ ગાયિકા અલ્કા યાજ્ઞિકના શુભહસ્તે એનાયત કરાયો છે.

## ચિ. ધવલની સ્મૃતિમાં ક.યુ.સં. પ્રેરિત રક્તદાન શિબીર

ચિ. ધવલ મયુર લોડાયાની સ્મૃતિમાં માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર મોટી ખાવડી-ઘાટકોપરના સહયોગથી હાલમાં જ કચ્છ યુવક સંઘ પ્રેરિત એન્કરવાલા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન શ્રી કેવીઓ દેરાવાસી જૈન મહાજન, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જીનાલય ઘાટકોપર ખાતે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ભારત સરકારના એડિશનલ કમિશનર સમીર વાનખેડે (આઈઆરએસ) સાહેબ મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## 'સંગીત સે સાધના' જૈન સઝ્ઝાયની પોજીટીવ અસર

નેહરૂ સેન્ટર ઑડિટોરિયમ, વરલી-મુંબઈ ખાતે 'સંગીતથી સમાધિ' મ્યુઝિક ટૂ મેડીટેશનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શારીરિક અને માનસિક આરોગ્ય વિષયક આ અનોખા કાર્યક્રમના પ્રણેતા-આયોજક છે ડૉ. કુમાર ચેટરજી. કાર્યક્રમમાં ૧૫૦ જેટલા મેન્ટલી રિટાર્ડેડ, કેન્સર, ડિપ્રેશન, અલજાઈમર્સ અને પાર્કિન્સન્સ જેવા રોગોથી પીડાતા રોગીઓએ ભાગ લીધો.

## દેવલાલીમાં પખાવજ મહાકાલી ભાવના

દેવલાલી નગરે શ્રી કદઓ દેવલાલી નાસિક જૈન સંઘના નેજા હેઠળ અનંત મિત્ર મંડળ ભાંડુપના સથવારે અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી મહાકાલી માતાજીની ભક્તિભાવના યોજવામાં આવી હતી. અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા રાસ ગરબા અને પખાવજની ધુન જમાવવામાં આવી હતી. ભક્તિ ભાવનામાં અંદાજે ૧૭૫-૨૦૦ જણ હાજર રહ્યા હતા.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on


## સર્વોદય મંડળ મુલુંડ આયોજિત રમતોત્સવ-૩

શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ મુલુંડ પ્રસ્તુત અને એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રાયોજિત રમતોત્સવ-૩.૦માં ૬(છ) સ્પોર્ટસ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં ૨૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. એમના માટે પ્રેક્ટીસ અર્થે ૧૦૦ સત્ર રખાયા હતા. છ સ્પર્ધાઓમાં હેન્ડબોલ, ક્રિકેટ, વૉલીબોલ, લાગોરી (સતાડિયો), કબડ્ડી (હુ તુ તુ), થ્રો બૉલ, ફુટબૉલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## કમલેશભાઈને વધુ એક જવાબદારી

જ્ઞાતિના અગ્રણી સીએ કમલેશભાઈ વિકમશીને સોનગઢ સ્થિત મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમના પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવી છે. વિશ્વાસ રાખીએ કે કમલેશભાઈના નેતૃત્વમાં સોનગઢ આશ્રમ વિશેષ નામના દીપાવશે.

## દિવ્યાંગ બાળાને ગોલ્ડમેડલ

તેરાની વડોદરા નિવાસીની દિવ્યાંગ બાળા દિયા નરેશભાઈ ગોર દિવ્યાંગ મેરેથોનની ૧૦મી સીઝનમાં પ્રથમ સ્થાન અંકે થતા ગોલ્ડમેડલ વિજેતા બની છે. અત્રે નોંધ લેવી ઘટે કે દિયા જન્મથી જ મૂક-બધિર છે અને એને વ્હીલચેર કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો છે.

## બડગરામાં આયંબીલની ઓળી

ચૈત્ર મહિનાની શાશ્વતી આયંબિલની ઓળી સુંદર રીતે પૂર્ણ થયેલ : ૧) વસંત શીવજી પોલડીયા (૨) વીરચંદ દામજી મોતા (૩) સૌ. સંગીતા વસંત પોલડીયા (૪) આદિત્ય અભય પોલડીયા (૫) સૌ. રમીલા નિરંજન મોમાયા એ ઓળી કરેલ. પુનમના નવપદની પુજા ભણાવેલ. સૌએ ઉમંગથી ભાગ લીધેલ.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-ગદગ

ચૈત્ર માસની આયંબિલની ઓળી મહાજનશ્રીના નેજા હેઠળ સ્નાત્ર મંડળના સૌજન્યથી સંપન્ન થઈ. ઓળી દરમિયાન કુલ ૩૧૫ તપસ્વીઓએ આયંબિલ કર્યા. જેમાં નવ આયંબિલ ૨૭ તપસ્વી હતા. મહાજનશ્રી દ્વારા પારણા કરાવવામાં આવ્યા તથા તપસ્વીઓનું બહુમાન કરવામાં

આવ્યું. રસોઈ બનાવનાર શ્રીમતી વિમલા સંજય મોતાનું બહુમાન કરવામાં આવ્યું. સ્નાત્ર મંડળના સભ્યો તથા બીજા ભાઈ બહેનોએ સાથ સહકાર આપ્યો.

**ડોંબિવલીના પ્રથમ શિખરબંધ જિનાલયની રજતજયંતિ**

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના સર્વપ્રથમ શિખરબંધ સુવિધિનાથ જિનાલયની રજતજયંતિ પ્રસંગે તા. ૧૭.૫.૨૩ થી ૨૧.૫.૨૩ દરમિયાન પંચાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

**સેંટ જ્યોર્જ હોસ્પિટલ મુંબઈમાં ફ્રી ડાયાલિસીસ**

મુંબઈની સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં ડાયાલિસીસની મફત સેવા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

**ગદગમાં નવકાર જાપ**

અમેરિકાના એક ડેરી ફાર્મમાં આગ લાગતા લગભગ ૧૮૦૦૦ ગાયોના પ્રાણ ગયા. એક સાથે આટલી ગૌમાતાના અકસ્માતમાં જીવ જતા ગદગના જિનાલયમાં આ ગાયોના આત્મશ્રેયાર્થે નવકાર જાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

**વડોદરા મહાવીર જન્મકલ્યાણકમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ**

જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ વડોદરા દ્વારા મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવની ઉજવણીમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી અને ગુજરાત ભાજપા પ્રમુખ સી.આર. પાટીલ હાજર રહી પર્વની શુભેચ્છા પાઠવી હતી. યુવક મહાસંઘના ચેરમેન ભાવેશભાઈ લોડાયાએ અભ્યાગતોનું સ્વાગત કર્યું હતું.

**તીરૂપુરની સંસ્થાના ઉપપ્રમુખ પદે સતીષભાઈ નાગડા**

દખ્ખનના તામિલનાડુ પ્રાંતના તીરૂપુર નગરની સમાજસેવી સંસ્થા મુયાર્ચી મકાલ અમાઈપુ એસોસિએશનના ઉપપ્રમુખ પદે સ્થાનીય અગ્રણી સમાજસેવક સતીષભાઈ હંસરાજ નાગડા ચૂંટાઈ આવ્યા છે.

તીરૂપુરના મેયર દિનેશકુમારે એક શાનદાર સમારોહમાં સતીષભાઈનું સન્માન કર્યું હતું.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## વતનના વર્તમાન

